પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૫૨, કુલ પાના:૪, તારીખ: ૨૨-૧૦-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 52 PRICE :-RS. 1.50 DATE : 22-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના વેક્સિનનો ૧૦૦ કરોડ ડોઝનો આંક પાર

## વડાપ્રધાન મોદી દિલ્હીની RML હોસ્પિટલ પહોંચ્યા

નવી દિલ્હી,

દેશમાં વેક્સિનેશન અભિયાન ૧૬ જાન્યુઆરીથી શરૂ થયું હતું. પ્રારંભિક ૨૦ કરોડ વેક્સિનના ડોઝ ૧૩૧ દિવસમાં લગાવવામાં આવ્યા હતા. આગામી ૨૦ કરોડ ડોઝ ૫૨ દિવસમાં આપવામાં આવ્યા હતા. ૪૦ થી ૬૦ કરોડ ડોઝ આપવા માટે ૩૯ દિવસ લાગ્યા હતા. ૬૦ કરોડથી ૮૦ કરોડ ડોઝ આપવામાં માત્ર ૨૪ દિવસ લાગ્યા. હવે ૮૦ કરોડથી ૧૦૦ કરોડ સુધી ૩૧ દિવસ લાગી રહ્યા છે. એટલે કે, હવે ઝડપ ઓછી થઈ ગઈ છે. જો વેક્સિનેશન સમાન દરે ચાલુ રહેશે, તો દેશમાં ૨૧૬ કરોડ વેક્સિન ડોઝ મેળવવામાં લગભગ ૧૭૫ દિવસ વધુ લાગશે. એટલે કે, આપણે આ આંકડો ૫ એપ્રિલ ૨૦૨૨ ની આસપાસ પાર કરી શકીએ છીએ. મહામારી એક્સપર્ટ ડોકટર ચંદ્રકાન્ત લહારિયા કહે છે કે જ્યાં સુધી ૮૫% વસ્તી પૂર્ણ રીતે વેક્સિનેટ નથી થઈ જતી ત્યાં સુધી આવું કરવું જોખમભર્યું બની શકે છે. જે દેશોમાં માસ્ક પહેરવાથી મુક્તિ આપવામાં આવી છે ત્યાં જનસંખ્યા ભારતની સરખામણી ઘણી ઓછી છે. એવામાં આપણે આપની જરૂરિયાતના હિસાબ પ્રમાણેના નિર્ણયો લેવા જોઈએ.



બ્રોકરેજ ફર્મ યશ સિક્યોરિટીઝના રિપોર્ટ મુજબ જાન્યુઆરી સુધીમાં દેશની ૬૦ થી ૭૦% વસ્તી સંપૂર્ણપણે વેક્સિનેટ થઈ જશે. આ સમય સુધીમાં ભારત હાર્ડ ઈમ્યુનિટી મેળવી લેશે. એના પછી લોકોને માસ્ક પહેરવાથી સંપૂર્ણપણે મુક્તિ મળી શકે છે. એકંદરે, એવું કહી શકાય કે માસ્કથી સંપૂર્ણ મુક્તિ માટે આપણે ઓછામાં ઓછા ૬ થી ૮ મહિના સુધી રાહ જોવી પડશદેશમાં કોરોના રસીના ૧૦૦ કરોડ ડોઝનો આંકડો પૂર્ણ થઈ ગયો છે. છેલ્લા ૨૦ કરોડ ડોઝ ૩૧ દિવસમાં લગાવવામાં આવ્યા છે. સરકાર વેક્સિનના ૧૦૦ કરોડ ડોઝ પૂર્ણ કરવાની જાહેરાતમાટે ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. ૯ મહિના પહેલા શરૂ થયેલા વેક્સિનેશન અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૯૯ કરોડ ૮૫ લાખથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. આમાં ૭૦ કરોડ ૬૮ લાખ ૯૧ હજાર ૬૪૩ લોકોએ એક ડોઝ લીધો છે અને ૨૯ કરોડ ૧૬ લાખ ૬૧ હજાર ૭૯૪ લોકોએ બંને ડોઝ લીધા છે. ભારતે આજે એક ઐતિહાસિક લક્ષ્યાંક પાર કર્યું છે. દેશ ૧૦૦ કરોડ કોરોના વેક્સિનેશનના જાદુઈ આંકડાને પાર કરી ગયો છે.ઁર મોદી આ ખાસ પ્રસંગે એક કાર્યક્રમમાં સામેલ થવા માટે દિલ્હીમાં રામ મનોહર લોહિયા હોસ્પિટલ (RML) પહોંચ્યા છે. સરકારે વેક્સિનના ૧૦૦ કરોડ ડોઝ પૂર્ણ કરવાની જાહેરાત કરવા માટે ખાસ તૈયારીઓ કરી છે. આ માટે ટ્રેનો, વિમાનો અને જહાજો પર લાઉડસ્પીકર દ્વારા જાહેરાત કરવાની યોજના છે. તેમજ ૧૦૦% જે ગામોએ વેક્સિનેશન પૂર્ણ કર્યું છે તેમને કહેવામાં આવ્યું છે કે ૧૦૦ કરોડના આંકડા પૂર્ણ થયા બાદ તેમણે પોસ્ટર અને બેનરો લગાવીને આરોગ્ય કર્મચારીઓનું સન્માન કરવું જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે ૧૦.૩૦ વાગ્યે દિલ્હીની રામ મનોહર લોહિયા હોસ્પિટલની મુલાકાત લેશે અને ફ્રન્ટલાઈન કામદારો સાથે વાત કરશે આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા આજે ૧૦૦ કરોડ ડોઝ પૂર્ણ થવા પરની ઉજવણીના સંદર્ભમાં એક ગીત અને એક ફિલ્મ પણ લોન્ચ કરશે. આ કાર્યક્રમ બપોરે ૧૨.૩૦ કલાકે લાલ કિલ્લા પર રાખવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ગીતમાં કૈલાશ ખેરે અવાજ આપ્યો છે. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, ૧૪૦૦ કિલોનો દેશનો સૌથી મોટો તિરંગો પણ લાલ કિલ્લા પર લગાવવામાં આવે તેવી અપેક્ષા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બીજેપી નેતાઓને વેક્સિનેશન કેન્દ્રોની મુલાકાત લઈને આરોગ્ય કર્મચારીઓનું સન્માન કરવાનું પણ કહેવામાં આવ્યું છે. મીડિયા અહેવાલો અનુસાર, પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા ગાઝિયાબાદ, જનરલ સેક્રેટરી અરુણ સિંહ કોઈમ્બતુર અને જનરલ સેક્રેટરી દુષ્યંત ગૌતમ લખનઉ જશે.

## અમદાવાદમાં ડેન્ગ્યુના કેસ ૧૬ દિવસમાં જ ૩૧૨ કેસ નોંધાયા

અમદાવાદ,

ચાલુ ઓક્ટોમ્બર માસ દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારોમાં મચ્છરજન્ય રોગો અને તેમના બ્રીડિંગ શોધવા માટે કવાયત હાથ ધરાઈ હતી, જેમાં સૌથી વધુ કોમર્શિયલ એકમો, બંધ પડેલા એકમો અને ઈન્સ્ટિટ્યૂટ, જે અત્યારે બંધ છે એમાં મચ્છર વધારે બ્રીડિંગ કરે છે. આ એકમોની સાફસફાઈ રાખવામાં આવે એવું કહેવામાં આવ્યું છે. જોકે આ કામગીરી માત્ર નામની કરવામાં આવી હોય એવું લાગી રહ્યું છે.અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુએ ભરડો લીધો છે. ગયા વર્ષે આખા વર્ષ દરમિયાન ડેન્ગ્યુના માત્ર ૪૩૨ કેસ નોંધાયા હતા, જ્યારે આ વર્ષે ફકત ૧૦ મહિનામાં ૧,૯૬૨ કેસ, એટલે કે ડેન્ગ્યુના કેસમાં પાંચ ગણો વધારો થયો છે. બીજી તરફ, શહેરમાં ચિકનગુનિયાના પણ ઘેર ઘેર કેસ જોવા



મળી રહ્યા છે. મ્યુનિ.ના આંકડા મુજબ, શહેરમાં ચાલુ મહિને ફકત ૧૨૩ ચિકનગુનિયાના કેસ નોંધાયા છે, જ્યારે સિવિલ, સોલા સિવિલ અને મ્યુનિ. સંચાલિત જુદી જુદી સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં એના કેસોની સંખ્યા ઘણી વધારે છે. ડેન્ગ્યુ મચ્છરજન્ય રોગ છે, એ ચેપી રોગ નથી. ડેન્ગ્યુ વાઈરસ ધરાવતા મચ્છરના કરડવાથી એનો ફેલાવો થતો હોય છે. તાવ આવે, ઠંડી લાગવી, માથાનો દુખાવો, આંખની હલનચલન કરતાં દુખે વગેરે જેવાં ડેન્ગ્યુનાં લક્ષણો છે. પાણીની ટાંકી, બાંધકામની સાઈટ, એરકૂલર વગેરે જેવી જગ્યાઓ પર મચ્છરોનો ઉપદ્રવ વધુ જોવા મળતો હોય છે. શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં વધારો થતાં કોર્પોરેશનના આરોગ્ય વિભાગે ચાલુ મહિને ૪૩ હજારથી વધુ લોહીના નમૂનાની તપાસ કરી છે. આ ઉપરાંત ૨,૨૬૨ સીરમ સેમ્પલની પણ તપાસ કરવામાં આવી છે. શહેરમાં પાણીજન્ય રોગોએ પણ માઝા મૂકી છે. છેલ્લા ૧૦ મહિનામાં ઝાડા-ઊલટીના ૩,૦૦૧ કેસ સામે આવ્યા છે તેમજ કોલેરાના ૬૪ કેસ નોંધાયા છે. ચાલુ વર્ષે જુદા જુદા વિસ્તારોમાંથી પાણીનાં ૮,૨૦૯ સેમ્પલ તપાસ માટે લેબમાં મોકલાયાં હતાં. કોર્પોરેશના આરોગ્ય વિભાગના હેલ્થ ઓફિસર ડો. ભાવિન સોલંકીના જણાવ્યા મુજબ, શહેરમાં ડેન્ગ્યુના કેસો ઘટયા છે. ચાલુ માસમાં ૧૬ જ દિવસમાં ૩૧૨ જ કેસો નોંધાયા છે, જે જોતાં એના કેસો હાલમાં ઘટ્યા હોય એવું જણાય છે. ૧ ઓક્ટોમ્બરથી ૧૬ ઓક્ટોમ્બર સુધીના સમયગાળા દરમિયાન મચ્છરજન્ય રોગોમાં ડેન્ગ્યુના ૩૧૨, ચિકનગુનિયાના ૧૨૩, સાદા મલેરિયા ૪૫ કેસો, ઝેરી મલેરિયાના ૬ કેસ નોંધાયા છે. જ્યારે પાણીજન્ય રોગોમાં ટાઈફોઈડના ૮૬, ઝાડા-ઊલટીના ૨૧૩, કમળાના ૬૭ અજેટલા કેસો નોંધાયા છે, જ્યારે શહેરના મોટા ભાગના વિસ્તારોમાં દવાખાનામાં સવાર-સાંજ દર્દીઓની લાઈનો જોવા મળે છે. ખાસ કરીને તાવ, શરદી ઉધરસ સહિત અનેક રોગના દર્દીઓ વધી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રએ દાવો કર્યો છે કે મલેરિયા વિભાગની ૪૦૦ જેટલી ટીમ અને હેલ્થ વિભાગની ૩૦૦ ટીમ શહેરમાં મચ્છરજન્ય રોગોને કાબૂમાં લેવા મચ્છરના બ્રીડિંગ શોધી કાર્યવાહી કરી રહી છે. જોકે હવે પાણીજન્ય કેસો શહેરમાં ફરી વધ્યા છે. કમળો અને ટાઈફોઈડના પણ કેસો વધ્યા છે.

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફરી વધારો ઝીંકાયો : ભાવ ૧૦૩ ને પાર

અમદાવાદ,

દરરોજ વધી રહેલી મોંઘવારીએ પ્રજાના ચહેરા પરની ખુશી છીનવી લીધી છે. કોરોના મહામારી બાદ વૈશ્વિક અર્થતંત્રમાં ઝડપભેર સુધારો થતા વિશ્વના દેશો તરફથી ક્રુડ ઓઈલની જંગી પ્રમાણમાં માગ નિકળી છે. આ સંજોગોમાં એક વર્ષ અગાઉ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૪૦-૪૨ ડૉલરની સપાટી પર હતા તે હાલ બમણા થઈને ૮૪ ડૉલર થઈ ગયા છે. વધી રહેલા પેટ્રોલ ડીઝલના ભાવ પર સરકાર પણ ચુપ




છે. જ્યારે ભાજપ વિપક્ષમાં હતી ત્યારે આ મુદ્દે ખુબ હોબાળો અને વિરોધ કર્યો હતો. અને સત્તા પર બેસ્યા બાદ એ જ મુદ્દા અને વિરોધ ભૂલીને સરકાર પ્રજા પર ભાર ઠાલવતી જ જાય છે. તો હાલમાં કોંગ્રેસનો એટલો પ્રબળ વિરોધ પણ જોવા નથી મળી રહ્યો. હવે પ્રજાનું કોણ? પ્રજાના પ્રશ્નો કોણ ઉઠાવે એ પણ મોટો સવાલ છે.પેટ્રોલ-ડીઝલના સતત વધી રહેલા ભાવને લઈ પ્રજા પરેશાન છે. પેટ્રોલ-ડીઝલના ભાવ દરરોજ વધી રહ્યા છે. આજે પણ પેટ્રોલમાં ૩૪ પૈસા અને ડીઝલમાં ૩૮ પૈસાનો વધારો ઝીંકાયો છે. નવા વધારા સાથે પેટ્રોલનો ભાવ ૧૦૩.૨૩ રૂપિયા અને ડીઝલનો ભાવ ૧૦૨.૬૮ રૂપિયા થઈ ગયો છે. રાજ્યના અમદાવાદ અને સુરત સહિત પેટ્રોલ-ડીઝલનો ભાવ ૧૦૩ રૂપિયાને પાર થઈ ગયો છે. જે સામાન્ય જનતા માટે પોસાય તેમ નથી.

## મેન્ટેનન્સ માટે ગયેલું સી-પ્લેન હજુ સુધી પાછું નથી આવ્યું

અમદાવાદ,

કોરોના દરમિયાન પણ સી પ્લેનના રોજના બે શિડ્યુલને ઘટાડી એક કરી દેવાયું હતું. ત્યારબાદ પેસેન્જરોની સંખ્યા નહિવત્ થતા અને એરક્રાફટના ફલાઈંગ અવર પણ લગભગ પૂરા થતા એરલાઈન્સ દ્વારા તેને મેન્ટેનન્સ માટે ૯ એપ્રિલે માલદીવ મોકલી આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કોરોનાની બીજી લહેર દરમિયાન કેસો ખૂબજ વધી જતા એરલાઈન્સે સી-પ્લેનનું સંચાલન સ્થગિત કરી દીધું હતું. જો કે હવે કોરોનાના કેસો ઘટવાની સાથે ટુરિસ્ટ સ્થળો લોકો માટે ખોલી દેવાયા છે, તેમ છતાં હજુ સુધી સી-પ્લેનનું સંચાલન ક્યારથી કરવું તે અંગે એરલાઈન્સ દ્વારા કોઈ ચોક્કસ નિર્ણય લેવાયો નથીદેશમાં પહેલીવાર સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા સુધી ૧ નવેમ્બર ૨૦૨૦થી સી-પ્લેનની સેવા શરૂ કરવામાં આવી હતી. સી-પ્લેનના મેન્ટેનન્સની પૂર્ણ સુવિધા અમદાવાદમાં ન હોવાથી તેને લગભગ દર એકથી દોઢ મહિને મેન્ટેનન્સ માટે માલદીવ મોકલાતું હતું. છેલ્લે ફલાઈંગ અવર પૂરા થતા ફ્લાઈટ ઓપરેટર એરલાઈન્સ સ્પાઈસ જેટ દ્વારા ૯ એપ્રિલે સી પ્લેનને માલદીવ મોકલવામાં આવ્યું હતું. ગુજરાત સહિત દેશભરમાં કોરોનાના કેસો ઘટવાની સાથે ટુરિસ્ટ સ્થળો મુલાકાતીઓ માટે ખોલી દેવામાં આવ્યા છે. જેમાં કેવડિયા પણ દિવાળી દરમિયાન હાઉસફુલ થઈ ગયું છે, તેમ છતાં સી પ્લેન આજે ૧૯૫ દિવસ બાદ પરત ફર્યુ નથી અને ક્યારે આવશે તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી.

## ભારત દ્વારા દુશ્મન ટેંકોનો સફાયો કરવાની પ્રેક્ટિસ

નવી દિલ્હી,

ભારતીય સેનાએ અરૂણાચલ પ્રદેશમાં જબરદસ્ત યુધ્ધાભ્યાસ શરૂ કર્યુ છે. બુમલામાં ચાલી રહેલા અભ્યાસમાં ભારતીય સેના અસલી જંગ લડી રહી હોય તેમ અભ્યાસ કરી રહી છે. જ્યાં સેના અભ્યાસ કરી રહી છે તે જગ્યા તવાંગથી ૩૭ કિલોમીટર દુર અને ચીનના સોન જોંગ શહેરથી માત્ર ૪૩ કિલોમીટર દુર છે. આ અભ્યાસ દરમિયાન વરસાદ અને ઓક્સિજનની અછત પણ સૈનિકોને ડગાવી શકી નથી. ભારતીય જવાનોએ વરસાદ વચ્ચે પણ જોરદાર દમખમ દેખાડ્યુ હતુ. સેનાએ દુશ્મન ટેંકોને તબાહ કરવાની તેમજ દુશ્મન સૈનિકો પર આર્ટિલરી ફાયર કરવાની પ્રેક્ટિસ કરી હતી. ટેંકોને તબાહ કરવા માટે ગાઈડેડ એન્ટી ટેંક મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સેનાના અધિકારીઓનુ કહેવુ છે કે, જવાનોને શારીરિક અને માનસિક રીતે સજ્જ રાખવા માટે આ પ્રકારના યુધ્ધાભ્યાસ જરૂરી હોય છે. સેનાએ એલએસી પર એમ૭૭૭ અલ્ટ્રા લાઈટ હોવિટ્ઝર તૈનાત કરી છે. બોફોર્સ તોપોની સાથે સાથે નિયમિત આર્ટિલરી એટેકનો અભ્યાસ થઈ રહ્યો છે. બોફોર્સ તોપોને અપગ્રેટ કરવામાં આવી છે અને સેનાએ આ વિસ્તારમાં આર્ટિલરી કમાન્ડ એન્ડ કોમ્બેટ સિસ્ટમ પણ બનાવી છે. સેના ઉપગ્રહો, ડ્રોન અને ગ્રાઉન્ડ કેમેરા થકી ચીનની હિલચાલ પર રીયલ ટાઈમ મોનિટરિંગ કરી રહી છે.હજારો ફૂટની ઉંચાઈ પર લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ પાસે ભારત અને ચીનની સેના આમને સામને છે. ચીન દ્વારા કોઈ પણ પ્રકારની ઉશ્કેરણીજનક હરકત થાય તો તેનો જવાબ આપવા માટે ભારતીય સેના સજ્જ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રજાત રાયસિંહ વિરસિંગભાઈ
મુ. ઘુસર, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મુંડવાડા પારસીંગભાઈ પુજાભાઈ
મુ. વાલૈયા-મુંડવાડા(ફ), તા. ગોધરા



# મહીસાગર ખાતે રાષ્ટ્રએ ૧૦૦ કરોડ રસીકરણની સિદ્ધિ હાંસલ કરતાં હર્ષોલ્લાસથી ઉજવણી



લુણાવાડા,
૧૦૦ કરોડના રસીકરણની રાષ્ટ્રીય સિદ્ધિ નિમિત્તે આજે જાણે કે આરોગ્ય પરિવાર માટે દિવાળીની ઉજવણીનો તહેવાર હોય તેમ જિલ્લા કલેક્ટર ડૉ. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એસ. બી. શાહ સહિત જિલ્લાના તમામ આશાવર્કર બહેનો અને ફીમેલ-મેલ હેલ્થ વર્કરોએ ગગનમાં ૧૦૦ ફુગ્ગા ઉડાડીને તો આરોગ્ય કેન્દ્રોમાં રંગોલી પૂરીને પોતાની ખુશહાલી વ્યક્ત કરી હતી.

વૈશ્વિક મહામારી કોરોના સામે દેશવાસીઓને રક્ષિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના દ્રષ્ટિવંત આયોજન અને નેતૃત્વ હેઠળ આજે ૧૦૦ કરોડ દેશવાસીઓને આત્મનિર્ભર ભારત અંતર્ગત સ્વદેશી રસીના ડોઝ આપીને અપ્રતિમ સફળતા મળી છે.

આ સફળતાની ઉજવણી અંતર્ગત જિલ્લા કલેક્ટર ડૉ. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીએ કોરોનાના આ કપરા કાળમાં આરોગ્ય કર્મયોગીઓએ હિંમત બતાવીને કોઇપણ જાતની રજા મૂકયા સિવાય સતત રાત-દિવસ નાગરિકોના આરોગ્યની સેવામાં કાર્યરત રહીને ફરજો બજાવી હતી તેવી જ રીતે નાગરિકોની સુરક્ષા માટે વેકસિનની કામગીરી કરીને આજે રાષ્ટ્રને જે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરવામાં પોતાની ભૂમિકા અદા કરી છે તેને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

આરોગ્ય કર્મચારીઓ કોઇપણ જાતની થકાવટ અનુભવ્યા સિવાય પોતાની ફરજો અદા કરી રહ્યા છે. ત્યારે આજ જોમ-જુસ્સાથી આરોગ્યની ટીમ સતત કાર્યરત રહીને જિલ્લાને સો ટકા રસીકરણયુકત બનાવવાની દિશામાં કાર્ય કરતા રહેશે તેવી અપેક્ષા સહ શ્રધ્ધા વ્યકત કરી છે.

હજુ પણ જે નાગરિકોએ રસી નથી મૂકાવી તેવા નાગરિકોનો સંપર્ક કરી રસી મૂકવાની કામગીરી આગામી દિવસોમાં કરવામાં આવશે તેમ જણાવી તેમણે હજુ જે નાગરિકોએ રસી નથી મૂકાવી તેવા તમામ નાગરિકો રસી મૂકાવી દઇને સુરક્ષા કવચ ગ્રહણ કરી લેવા અપીલ કરી છે.

જિલ્લા વિકાસ અધિકારી લાખાણીએ મહીસાગર જિલ્લામાં ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકોમાં પાત્રતા ધરાવતા ૮૧૪૫૨૪ નાગરિકો પૈકી ૮૧૫૪૭૦ નાગરિકોને પ્રથમ ડોઝની રસી આપી દેવામાં આવતાં મહીસાગર જિલ્લાએ પ્રથમ ડોઝની કામગીરીમાં સો ટકા કામગીરી પૂર્ણ કરીને સમગ્ર રાજયમાં પ્રથમ પાંચમાં સ્થાન હાંસલ કર્યું છે. જયારે બીજો ડોઝ મૂકાવવાની પાત્રતા ધરાવતા ૪૫૫૭૯૮ નાગરિકો પૈકી ૪૪૬૪૮૩ નાગરિકોને રસી આપી દેવામાં આવી છે. આમ પ્રથમ અને બીજો ડોઝ કે બંને મળીને કુલ ૧૨૬૧૯૫૩ નાગરિકોને રસી આપવામાં આવી હોવાની વિગતો આપી જિલ્લાએ બીજા ડોઝમાં પણ ૫૫ (પંચાવન) ટકાથી વધુ કામગીરી પૂર્ણ કરી હોવાનું જણાવ્યું છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એસ.બી. શાહએ હાલ જિલ્લામાં ૮૦ રસીકરણ કેન્દ્રો કાર્યરત હોવાનું જણાવ્યું હતું. તેમણે વધુમાં જિલ્લાના અંદાજે ૨૦૦૦ થી વધુ તમામ આરોગ્ય કર્મયોગીઓ કે વૈશ્વિક મહામારીના કોરોના કપરા કાળમાં તેમજ વેકસિનેશનની કામગીરીમાં રાત દિવસ જોયા વગર કામ કર્યુ છે. તેવા તમામ આરોગ્ય કર્મયોગીઓનું આગામી દિવસોમાં પ્રશસ્તિપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવનાર હોવાનું જણાવ્યું છે.

## સંતરામપુર ખાતે યોજાયેલ ખાસ દિવ્યાંગ માટે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના દિવ્યાંગજનોના હિતને ધ્યાનમાં રાખીને અને ખાસ કરીને દિવ્યાંગજનોને દિવ્યાંગતાની તપાસ અને દિવ્યાંગતાના પ્રમાણપત્ર માટે નડીઆદ કે ગોધરા જવું પડતું હતું. તે જવું ન પડે અને એક જ જગ્યાએથી આ સુવિધા મળી રહે તે માટે જિલ્લાના આ દિવ્યાંગજનોને જિલ્લામાં એક જ સ્થળે આ સુવિધા મળી રહે અને કોઇપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે હેતુથી મહીસાગર જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અને જિલ્લા આરોગ્ય કચેરીના ઉપક્રમે સ્ટેટ હોસ્પિટલ સંતરામપુરના સહયોગથી સંતરામપુર ખાતે દિવ્યાંગતા અંગે તજજ્ઞો દ્વારા આરોગ્ય ચકાસણી કરી સર્ટિફિકેટ અને યુનિક આઇડી આપવા દિવ્યાંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવ્યાંગ કેમ્પનો ૨૬૬ દિવ્યાંગજનોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં જિલ્લા વહીવટીતંત્રની લાગણીને ધ્યાને લઇ ગુજરાત કેન્સર સોસાયટી તરફથી ઓર્થોપેડિક સર્જન, સાઈકયાટ્રિક તબીબ, ઇ.એન.ટી.સર્જન અને ઓડિયોમીટર સાથે ઓડિયોલોજીસ્ટ તબીબોએ ઉપસ્થિત રહી દિવ્યાંગ વ્યક્તિઓને તબીબી તપાસ સેવા પુરી પાડી હતી.

આ દિવ્યાંગ કેમ્પમાં માનસિક તખલીફ વાળા-૮૫,ઓર્થોપેડિક ૧૧૩,ઇએનટી-૪૩ અને આંખની તકલીફવાળા ૨૫ મળી ૨૬૬ દર્દીઓએ લાભ લઇને તેમના આરોગ્યની ચકાસણી કરાવી હતી. આ કેમ્પનું આયોજન લુણાવાડા ખાતે કરવામાં આવતાં મોટી સંખ્યામાં દિવ્યાંગ વ્યક્તિઓએ તેનો લાભ લીધો હતો.

આ કેમ્પ દરમિયાન જરૂરતમંદ દિવ્યાંગજનોની ચકાસણી કરવામાં આવ્યા બાદ પ્રમાણપત્ર અને યુનિક આઇ.ડી. આપવામાં આવ્યા હતા.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે દિવ્યાંગજનો માટે આરોગ્ય ચકાસણી માટે યોજવામાં આવેલ કેમ્પ બદલ દિવ્યાંગજનોએ જિલ્લા વહીવટી તંત્ર અને રાજય સરકાર પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી.

# લુણાવાડા નગરપાલિકાના ચાર કોંગ્રેસના કોર્પોરેટરોના ટેકા થી નવ વર્ષ પછી ભાજપના પ્રમુખ બન્યા



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

### પોતાની સંસ્થાઓ અને નીજી સ્વાર્થ માટે પક્ષ પલટો કર્યો

લુણાવાડા કોંગ્રેસનો ગઢ છે, અમારી જોડે ૧૫ સભ્યો હતા. એમાં ત્રણ સભ્યો પક્ષ છોડી ભાજપમાં ગયા છે. કેટલાક સભ્યોને ધાકધમકી તો કેટલાકને પોતાની સંસ્થાઓ અને નીજી સ્વાર્થ માટે પક્ષ પલટો કર્યો છે. તેમને પક્ષમાંથી ખરેજ કરવામાં આવશે.
સુરેશભાઈ પટેલ, લુણાવાડા કોંગ્રેસ શહેર પ્રમુખ

### ચાર વર્ષમાં ૮ પ્રમુખોએ ચાર્જ લીધો

૧)તા. ૨૬-૬-૨૦૧૮ થી ૨૬-૬-૨૦૨૦ જયેંદ્રસિંહ સોલાકી.
૨)તા.૨૧-૦૬-૨૦૨૦ થી ૨૮-૦૭-૨૦૨૦ ઉપપ્રમુખ ઈદ્રિશ સુરતી જોડે ચાર્જ રહ્યો.
૩)તા.૨૯-૦૭-૨૦૨૦ થીર૫-૦૮-૨૦૨૦ જયેંદ્રસિંહ સોલંકી.
૪)તા.૨૬-૦૬-૨૦૨૦ થી ૨૬-૦૪-૨૦૨૧ સુધી બ્રિનદાબેન શુકલે ચાર્જ સાંભળ્યો.
૫)તા.૨૭-૦૫-૨૦૨૧ થી ૦૫ ૪-૦૭-૨૦૨૧ સુધી ઉપપ્રમુખ મીનાબેન પંડ્યા સુધી ચાર્જ સાંભળ્યો.
૬)તા.૦૫-૦૭-૨૦૨૨ થી બ્રિનદાબેન શુકલ દ્વારા પાછો ચાર્જ સાંભળવામાં આવ્યો છે.
૭)તા.૦૪-૧૧-૨૦૨૨ થી ઉપપ્રમુખ મીનાબેન પંડ્યા એ ચાર્જ સંભાળ્યો.
૮)તા.૨૧-૧૧-૨૦૨૨ ના રોજ ભાવનાબેન મહેતા ભાજપમાંથી પ્રમુખ બન્યા.

લુણાવાડા,
લુણાવાડા નગરપાલિકામાં ભાજપ અને કોંગ્રેસના ટેકાથી બ્રિન્દાબેન શુકલ પ્રમુખ બન્યા હતા. ત્યારબાદ ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો દ્વારા બ્રિન્દાબેન શુકલ સામે અવિશ્વાસની દરખાસ્ત આવી હતી. ત્યાર બાદ ધારાસભ્ય જીજ્ઞેશ સેવક તથા શહેર પ્રમુખ મનુભાઈ પટેલના યથાર્થ પ્રયત્નો બાદ આજે નગરપાલિકાના પ્રમુખની ચૂંટણી યોજાતાં કોંગ્રેસન ૧૫ ભાજપના ૧૦ અને અપક્ષના ૨ એમ કુલ મળી ૨૭ કોર્પોરેટરોમાં માંથી કોંગ્રેસના ૧.જીજ્ઞેશભાઇ પંડ્યા ૨.ચેતના જોશી ૩. પ્રેક્ષાબેન શાહ અને ૪.રશિદાબેન દાવલ એમ ચાર કોર્પોરેટરો દ્વારા મતદારો સાથે વિશ્વાસઘાત કરી પક્ષપલટો કરતા તથા અપક્ષના બે ઉમેટવારો મળી ભાજપના ભાવનાબેન મહેતાને ૧૬ વોટ મળતા પ્રમુખ બન્યા હતા. ચૂંટાયેલા કોર્પોરિટરો દ્વારા વારંવાર પક્ષ પલટો કરતા આજે લુણાવાડા નગરપાલિકામાં ૮ પ્રમુખ તરીકે ભાવનાબેન મહેતા ચૂંટાયા હતા. ત્યારે ચાર વર્ષમાં ૮ પ્રમુખો બદલાતાં નગરના લોકો એટલા કન્ફ્યુઝ છે કે નગરપાલિકાએ આવતા પહેલા પ્રમુખ કોણ છે તેમ પૂછે છે.

## વાલ્મિકી જયંતિ નિમિતે લુણાવાડામાં VHP દ્વારા સામાજીક સમરસતા કાર્યક્રમ યોજાયો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વાલ્મીકી જયંતિ નિમિત્તે સામાજિક સમરસતા કાર્યક્રમ કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરમાં યોજવામાં આવ્યો. જેમાં ૧૧ જોડાઓએ ગાયત્રી યજ્ઞમાં બેસીને જેનો લાભ લીધો હતો. જેમાં સંપર્ક સૂત્ર હેમાંગભાઈ પાઠક, વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ અંબાલાલ પટેલ, જિલ્લા મંત્રી દિપક પંડ્યાના વરદહસ્તે આ કાર્યક્રમને ઉજવવામાં આવ્યો હતો.

## લુણાવાડાના કોસિયાનાકા પાસે શિક્ષિકાને ટ્રક ચાલકે ટકકર મારતાં શિક્ષિકાનું મોત

લુણાવાડા,
મહિસાગર જિલ્લામાં ૨૪ વર્ષિય આશાસ્પદ મહિલાનુ ચાર કોસિયાનાકા પાસે પુરઝડપે આવેતા અજાણયા વાહનચાલકે એક્ટિવા ચાલક મહિલાને અથડાવી દેતા ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નીપજયું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર લુણાવાડાના દુલાભાઈના માળ વિસ્તારમાં રહેતા હનીરાજકુવર અજીતસિંહ સોલંકી શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. જે સવારના સમયે પોતાના એક્ટિવા લઈને શાળામાં જતા હતા દરમિયાન પુરઝડપે આવતા વાહનચાલકે પાછળથી અચાનક જ તેમને ટક્કર મારતા વાહન સીધુ મહિલા ઉપર ફરી વળતા તેમનુ ઘટના સ્થળે જ મોત નીપજવા પામ્યુ હતુ. અગાઉ પણ આ જ રીતે મુસ્લિમ પરિવારની આશાસ્પદ મહિલાનુ મોત થયુ હતુ. ત્યારે આજે ફરી પાલિકા તેમજ માર્ગ અને મકાનની ભુલના કારણે નગરની આશાસ્પદ મહિલાનુ મોત થતાં નગરમાં રોષ જોવા મળી રહ્યો છે.

લુણાવાડા નગરમાં બની રહેલ અકસ્માતોમાં અગાઉ પણ લોકો દ્વારા આવુ ધ્યાન દોરવા છતાં પણ તંત્ર ધ્યાન આપવા તૈયાર નથી.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

**ગોધરા એસ.આર.પી.ગૃપ-૫ ખાતે શહીદ દિવસ નિમિત્તે શસ્ત્ર પ્રદર્શન આયોજન કરવામાં આવ્યું. હથિયાર પ્રદર્શનમાં સેનાપતિ એન.એમ. કણઝરીયા, મદદનિશ સેનાપતિ સી.એ. પટેલ અને ડી.જે.ચૌધરી હાજર રહ્યા હતા.**

# ગોધરા શારદા સ્કુલ ખાતે વડોદરા સ્વામિ પ્રેમદાસ થાલા દરબારના સેવકો દ્વારા રાસ-ગરબા અને દૂધ પૌંઆનું આયોજન કરાયું



ગોધરા,
ગતરોજ શરદ પૂનમની ઉજવણી પંચમહાલ જિલ્લામાં અનેક રીતે જોવા મળી. કેટલીક જગ્યાઓએ હોમ-હવન નવચંડી તથા કેટલીક જગ્યાઓએ રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું. તેમજ શરદપૂનમની રાત્રે દૂધ પૌઆ ખાવાની પરંપરા વર્ષોથી ચાલી આવી છે. ત્યારે ગોધરા શહેર માં આવેલી શારદા મંદિર સ્કૂલ ખાતે છેલ્લા કેટલાય વર્ષોથી વડોદરા સ્થિત સ્વામિ પ્રેમદાસ થાલા દરબારના સેવકો દ્વારા અનોખી રીતે શરદપુનમની ઉજવણી કરવામાં આવે છે અને તેનો લાભ લેવા માટે પંચમહાલ જિલ્લાના ગામોમાંથી તો ખરા જ પરંતુ દૂર દૂરથી અનેક લોકો આવતા હોય છે.

દર શરદપૂનમની રાત્રે શારદા મંદિર સ્કૂલ ખાતે સ્વામી પ્રેમદાસ થાલા દરબાર ના સેવકો દ્વારા વિશિષ્ટ દૂધપૌંઆ તૈયાર કરવામાં આવે છે. તે વિશેષ એટલા માટે છે કારણ કે, તે દૂધ પૌવામાં ચિત્રકૂટ થી દવા બુટી મંગાવવામાં આવે છે. તે દૂધ પૌવા માં મિશ્રિત કરવામાં આવે છે તેમજ તેમના એક સેવક સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું કે, ૧૯૭૧ થી આ કાર્ય કરવામાં આવી રહ્યું છે જેમાં ચિત્રકૂટની જડીબુટી યુક્ત દૂધ પૌઆને પૂનમની રાત્રે તૈયાર કરી સંપૂર્ણ રાત્રી દરમિયાન ચંદ્રની શીતળતામાં મૂકવામાં આવે છે અને ત્યારબાદ સવારના સૂર્યોદય પહેલાં આ પ્રહરમાં તેનું સેવન કરવામાં આવે છે. તેનું સેવન કરવાથી કફ, દમ તથા અસ્થમા જેવી બીમારીઓ દૂર થાય છે. તેમજ દર વર્ષે અનેક લોકો ખૂબ જ મોટી સંખ્યામાં અગાઉથી પોતાનું નામ લખાવીને આ દૂધ પૌવાનો લાભ લેવા માટે આવી જતા હોય છે. સવારના ૦૪:૦૦ થી લઈ અને ૫:૩૦ સુધીમાં આ દૂધ પૌવાનું સેવન કરવામાં આવે છે અને તેનો લાભ લેવા માટે પંચમહાલ જિલ્લાની આસપાસના તેમજ પંચમહાલ જિલ્લામાં આવેલા અનેક ગામોમાંથી લોકો આવે જ છે અને તેઓના અભિપ્રાય પ્રમાણે ઘણા બધા લોકોને તેનાથી દમ અને અસ્થમા જેવી બીમારીઓમાં રાહત મળી છે. તેમજ શરદપૂનમે અને આવનારી બીજી બે પૂનમના દિવસે આ કાર્ય દર વર્ષે કરવામાં આવે છે જેના માટે કોઈપણ પ્રકારનું વળતર કે કાંઈ પણ લેવામાં આવતું નથી. ગોધરામાં છેલ્લા આજથી દસ વર્ષથી ગીરીશભાઈ આ સેવા આપી રહ્યા છે અને તેમની નજર સમક્ષ કેટલાય લોકોને દમ અને અસ્થમા જેવી બીમારીઓ માંથી છુટકારો મળ્યો છે.

## જનરલ હોસ્પિટલ ગોધરા ખાતે કોરોના વોરિયર્સ CHO તુષાર પરમારનું સન્માન



ગોધરા,
ગોધરા તાલુકાના નાની કાંટડીના પોસ્ટ કમ્યૂનિટી હેલ્થ ઑફીસર (સીએચઓ) તુષારકુમાર રમણભાઈ પરમારનું તાજેતરમાં બહુમાન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગોધરા ખાતે આવેલ જનરલ હોસ્પિટલ ખાતે સરકારની આપ કે દ્વારા આયુષ્યમાન (PMJAY-MA કાર્ડ) અને મેઘા હેલ્થ કેમ્પ યોજાઈગયો. જેમાં પંચમહાલ જિલ્લાના ગોધરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મેહલોલ તાબાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર નાની કાંટડીના પોસ્ટ કમ્યૂનિટી હેલ્થ ઑફીસર (સી એચ ઓ) તુષારકુમાર રમણભાઈ પરમારનું પંચમહાલ જિલ્લામાં કોવિડ-૧૯ અંતર્ગત કોરોના મહામારીમાં કરેલ કોરોના વોરિયર્સ તરીકેની શ્રેષ્ઠ અને અદ્વિતીય કામગીરી કરવા બદલ બિરદાવતા ગુજરાત રાજ્ય કક્ષાના આદિજાતી વિકાસ મંત્રી નિમીષાબેન સુથારની ઉપસ્થિતિમાં ગોધરાના પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણના વરદ હસ્તે બહુમાન કરી તેમની કોવિડ માટે કરેલ ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર,ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી, જિલ્લા પંચાયત પંચમહાલના પ્રમુખ કામિનીબેન સોલંકી, તેમજ જિલ્લા વિકાસ અધિકારી પંચમહાલ, જિલ્લા ભાજપના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## શરદ પૂર્ણિમાની રાત્રે જે.સી.આઇ. હાલોલ દ્વારા પોલીસ કર્મીઓ સાથે દૂધ પૌઆની મિજબાની માણી શરદ પૂર્ણિમા ની ઉજવણી કરી



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,
આજ રોજ શરદ પૂર્ણિમા નિમિત્તે જ્યારે સમગ્ર સમાજ પોતાના પરિવાર સાથે દૂધ પૌઆ ખાઈને તહેવારની ઉજવણી કરતા હોય છે. ત્યારે જે.સી.આઇ. હાલોલ દ્વારા સમાજ ની સતત સેવા કરતા આને પોતાના પરિવારની ચિંતાના કરતા આપણી સુરક્ષા માટે દિવસ રાત જાગતા રહી સેવા કાર્ય કરતા પોલીસ કર્મીઓ સાથે દૂધ પૌઆ ની મિજબાની માણી શરદ પૂર્ણિમાની ઉજવણી કરી હતી. સાથે સાથે હાલોલ ખાતે ઘર બાર વિનાના ગરીબ અને રસ્તે રઝળતા લોકો ને પણ દૂધ પૌઆ ખવડાવી સંવેદન શીલતા વ્યકત કરવામાં આવી. જે.સી.આઇ. હાલોલ ના પ્રેસિડેન્ટ વિરેન ભાઈ જોષી અને ડિરેક્ટર રાકેશભાઈ વાળંદ સાથે યોનિકભાઈ પટેલ દ્વારા આ સારી કામગીરી કરી. આ કાર્યક્રમ મા બજરંગ દળ ના ગોધરા વિભાગના સંયોજક જલ્પેશભાઈ સુથાર પણ હાજર રહ્યા.

## લુણાવાડા ખાતે નવા ફોર વ્હિલર વાહનોની નવી સીરીઝ જીજે-૩૫- એન શરૂ કરવામાં આવશે

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં નવા રજીસ્ટર થતા ફોર વ્હિલર (એલ.એમ.વી) વાહનોમાં નવિન સીરીઝ જીજે ૩૫-એન ફાળવવામાં આવેલ છે અને તેની હરાજી શરૂ કરવામાં આવનાર છે. તો ઇચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના નવા વાહનો માટે પસંદગીનો નંબર લેવા માગતા હોય તો ઓનલાઇન પ્રક્રિયા અરજદારે પોતે જ વેબસાઇટ https://vahan.parivahan.gov.in/fancy પર કરવાની થાય છે. જે અંગે તારીખ ૨૫/૧૦/૨૦૨૧ થી ૨૯/૧૦/૨૦૨૧ દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમજ તારીખ ૩૦/૧૦/૨૦૨૧ થી ૩૧/૧૦/૨૦૨૧ દરમ્યાન ઓનલાઇન હરાજી રહેશે અને વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઇન સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે.

સી.એન.એ.ફોર્મ ઓનલાઇન ભરેલુ હશે તો વાહનની વેચાણ તારીખથી ૬૦ દિવસની અંદર અરજદાર હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી લુણાવાડા-મહિસાગરની એક અખબારીયાદીમાં જણાવાયું છે.

## ઘોઘંબાના પાટલા ડુંગર ખાતે રાઠવા સમાજ સમિતિ દ્વારા પ્રકૃતિ જતન કાર્યક્રમ યોજાયો

ઘોઘંબા,
રાઠવા સમાજ સેવા સમિતિ ગુજરાતના પ્રકૃતિ જતન કાર્યક્રમનું આયોજન ઘોઘંબા તાલુકાના પાટલા ડુંગર (પાલ્લા કુવેચિયા ફળીયા) ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઘોઘંબાના પાટલા ડુંગર ખાતે યોજાયેલ પ્રકૃતિ જતન કાર્યક્રમમાં રાઠવા સમાજ આદિ-અનાદિકાળ થી અનેક નાનો તેમજ પેટા જાતિ ધરાવતો આવ્યો છે. આ સમાજ પ્રકૃતિ પ્રેમના કારણે અનેક સંપ્રદાયોમાં પણ જોડાયેલ છે. જે સમાજના અંગો છે. રાઠવા સમાજ સેવા સમિતિ ગુજરાત ૨૫ વર્ષથી કાર્યરત છે. તે સમાજને સંગઠીત, સામર્થ્યવાન અને શકિતશાળી બનાવવા તેમજ ભારત ભૂમિને જગત જનની બનાવવાની નેમ સાથે સમાજ સેવાના કાર્યક્રમોમાં સંગઠન અવિરત ગતિથી સક્રિય છે. વર્તમાન સમયમાં સમાજ જાગૃતિ અને સંસ્કૃતિ જતન હેતુસર સમાજ સેવા સમિતિ દ્વારા પ્રકૃતિ જતનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ ડુંગર ઉપર શરદ પૂર્ણિમાનું અદભૂત દ્રશ્ય ચાંદે જાણે ડુંગર ઉપર પગલાં પાડ્યા

## આજનું રાશી ભવિષ્ય — તા.૨૨/૧૦/૨૦૨૧ શુક્રવાર

મેષ : આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવું આજે ફાયદાકારક બની શકે છે. ઘરની મુશ્કેલીઓને ધૈર્ય અને તમારા નમ્ર વર્તન દ્વારા સુધારી શકાય છે.
વૃષભ : વ્યર્થ કાર્યોમાં સમયનો બગાડો નહીં, કાર્ય વ્યવહાર સંબંધિત વિવાદો આજે ઉકેલી શકાય છે. ક્ષેત્રમાં નવા પ્રોજેક્ટ પર કામ શરૂ થશે જેમાં અધિકારીઓનો સહયોગ પૂરો પાડવામાં આવશે.
મિથુન : આજે મિથુન રાશિના લોકો પણ તેમના સંતોષકારક અને સમજણભર્યા વર્તનથી પ્રતિકૂળ પરિસ્થિતિઓને અનુકૂળ બનાવશે. સંજોગો મોટાભાગે તમારા નિર્ણયની વિરુદ્ધ રહેશે,
કર્ક : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆત અશાંત અને વ્યસ્ત રહેશે. કાર્યસ્થળમાં સાથીઓ મૈત્રીપૂર્ણ રહેશે પરંતુ પાછળથી સમસ્યા કરી શકે છે.
સિંહ : આજનો દિવસ મિશ્ર ફળદાયી રહેશે. મહેનતનું ફળ ના મળવાના કારણે આજે તમે ગુસ્સે થશો. તેથી વાણી અને વર્તનમાં સંયમ અને સાવચેતી રાખવી. જ્યારે પણ ધંધામાં પૈસાના લાભની સંભાવના હોય છે ત્યારે જ થોડો વિક્ષેપ આવી શકે છે.
કન્યા : આજે કાર્યક્ષેત્રમાં તમારું ધ્યાન નવી યોજનાઓ પર રહેશે અને તમે આખો દિવસ એક જ કામમાં વ્યસ્ત રહેશો. બપોરે કોઈપણ કાયદાકીય બાબતમાં તમને સફળતા મળશે. આજની મહેનત કોઈક રીતે કાલે ગ્રોથ ફેક્ટર બની જશે.
તુલા : કાર્યક્ષેત્રમાં સર્જનાત્મક પરિવર્તન પ્રેરણા આપશે અને રોજગાર ક્ષેત્રે નવી તકો મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. સામાજિક ક્ષેત્રે અને ઘરે ધૈર્ય રાખો.
વૃશ્ચિક : આ દિવસે તમારા વ્યવસાય સાથે કામ કરતા રહો અને સાંભળેલી બાબતે ધ્યાન ના આપશો નહીં તો ચર્ચા થઈ શકે છે. ઘરના અધૂરા કામો પૂરા કરી શકો છો અને તહેવારની ખરીદી પણ કરી શકો છો.
ધનુ : આજનો દિવસ તોફાની દિવસ રહેશે. આજે તમે જે કામથી લાભ મેળવવાની અપેક્ષા કરો છો તે સિવાય અન્ય કોઈ કામ તમને ફાયદાકારક રહેશે. ભાગીદારીમાં વેપારથી મોટો ફાયદો થશે.
મકર : આ દિવસે તમારામાં ધાર્મિક ભાવનાઓ ઉત્પન્ન થશે. દૈનિક પ્રવૃત્તિઓમાં સમય નીકાળીને ધાર્મિક યાત્રા માટે ઉપસ્થિત રહેશો. કુટુંબના સભ્યો તમારી ઉડાઉ નીતિથી નારાજ થઈ શકે છે.
કુંભ : આજે મિશ્ર પરિણામ મળશે. ઉદ્યોગપતિઓ સવારથી જ પૈસાની પુનઃપ્રાપ્તિ અંગે ચિંતિત હોઈ શકે છે, બળજબરીથી બચો નહીં તો નવી સમસ્યા સર્જાઇ શકે છે.
મીન : આ દિવસે તમારે સ્વાસ્થ્ય અને અન્ય ઘરની સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. આજે ક્ષેત્રમાં કામ કરતી વખતે સાવધાની રાખવી. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. કોઈ અંગત માટે કેટલાક પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે.

# વિદેશોમાં હિંદુઓની હત્યા અને અત્યાચારના વિરોધમાં દાહોદ VHP દ્વારા આવેદન આપ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં હિન્દુઓ પર બર્બરતા, હત્યા તેમજ અત્યાચારોના બનાવોને વિશ્વ હિન્દુ પરિષદ, દાહોદ દ્વારા સખ્ત શબ્દોમાં વખોડી કાઢી આવા બનાવો પર રોક લાવવા તેમજ હિન્દુઓને સુરક્ષા આપવા, ન્યાય તેમજ વળતર આપવાની માંગણી સાથે ભારે રોષની લાગણી સાથે આજરોજ ભારતના રાષ્ટ્રપતિને સંબોધતું એક આવેદનપત્ર કલેક્ટર કચેરી સુપ્રત કર્યાનું જાણવા મળે છે.

દાહોદના વિશ્વ હિન્દુ પરિષદ, દાહોદ દ્વારા આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોમાં અલ્પસંખ્ય હિન્દુઓ તેમજ શિખો ઉપર જન્દય અત્યાચારોનો સિલસીલો ચાલુ છે. ગત એક સપ્તાહના સમયગાળા દરમ્યાન બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા કરવામાં આવી, દુર્ગા પુજા સમયે હિન્દુ મંદિરો અને દુર્ગા મંદિરોમાં તોફાની તત્વો દ્વારા તોડફોડ કરી હિન્દુઓને માર મારવામાં પણ આવ્યો હતો. નાના બાળકો થી લઈ મહિલાઓ તેમજ યુવતીઓને માર મારી મહિલાઓ અને યુવતીઓ ઉપર બળાત્કારના બનાવો પણ બન્યાં છે. અફઘાનિસ્તાનમાં પણ તાલીબાનની સરકાર આવ્યાં બાદ હિન્દુઓ ઉપર અત્યાચારના બનાવો વધ્યાં છે. બાંગ્લાદેશમાં તો હાલ હદ થઈ રહી છે. દુર્ગા પુજા સમયે ૧૫૦થી વધારે દુર્ગા પુજા મંડપો તેમજ મંદિરોમાં મંદિરોની પ્રતિમાઓની તોડફોડ પણ કરવામાં આવી છે. હિન્દુઓના ઘરો, દુકાનો તેમજ ધર્મશાળાઓમાં પણ તોફાની તત્વોમાં તોફાન મચાવી ૧૦ થી ૧૨ હિન્દુઓની હત્યા પણ કરવામાં આવી છે.

ઉપરોક્ત તમામ બનાવેને ધ્યાનમાં રાખી અને હિન્દુઓની રક્ષા કરવા તેમજ તેઓને વળતર પુરૂં પાડવામાં આવે તેવી લાગણી અને માંગણી સાથે ભારત સરકાર દ્વારા આ તમામ બનાવોની ગંભીરતાને ધ્યાનમાં લઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત સાથે વિશ્વ હિન્દુ પરિષદ, દાહોદ દ્વારા ભારતના રાષ્ટ્રપતિને આવેદનપત્ર દાહોદ કલેક્ટર કચેરી મારફતે રવાના કર્યું હતું.

# ફતેપુરા બસ સ્ટેશનમાં ટાઈમ ટેબલ ન હોવાથી અનેક મુસાફરો મુશ્કેલીમાં


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકા મથકે બસ સ્ટેશનને ફક્ત ૬ વર્ષ થયાં હોવા છતાં મુસાફરો માટે ની પ્રાથમિક સુવિધાનો આભવ જોવા મળી રહ્યો છે. ફતેપુરા તાલુકો રાજસ્થાન રાજ્યને અડીને આવેલો હોવા રાજસ્થાન તેમજ ફતેપુરા તાલુકાના હજારો મુસાફરો રોજ ના અવર જવર કરતા હોય છે. અહીંયા વર્ષો પહેલાનું ટાઈમ ટેબલ મૂકેલું છે. જેમાં હાલ મોટા ભાગની બસોનો ટાઈમ બદલાઈ ગયેલો છે. તેમજ મોટા ભાગની બસ બંધ થઈ જાવ પામી છે અને મુસાફરો દ્વારા બસ ચાલુ કરવા માટે અનેકવાર રજૂઆતો પણ કરવામાં આવી હોવા છતાં પણ બસો ચાલુ કરવામાં આવતી નથી. જેથી મુસાફરોને હાલાકી વેઠવી પડી રહી છે.

એસટી બસ સ્ટેન્ડમાં પંખા હોવા છતાં ચાલુ કરવામાં આવતા નથી. સ્વચ્છ ગુજરાત અંતર્ગત એસટી બસ સ્ટેન્ડમાં કચરોના હોવો જોઈએ પરંતુ અહીં તો ચારે બાજુ કચરાના ઢગ નજરે ચડી રહ્યાં છે અને કચરો ઊડતો નજરે ચડી રહ્યો છે. બસ સ્ટેશનમાં કોઈ પણ જગ્યા એ કચરા પેટી પણ મૂકવામાં આવેલ નથી. જાહેર શૌચાલયમાં પાણી વ્યવસ્થા પણ નથી કે પીવાનું પાણી પણ અમુક સમયે આવે અને અમુક સમયે પાણી આવતું જ નથી. જ્યારે ફતેપુરા તાલુકાના આદિવાસી પછાત અને અતિ ગરીબ પ્રજા માંડ બહારગામ જવા માટેનું ભાડું લઈને જતા હોય છે. ત્યારે પાણીના ૨૦ રૂપિયા ખર્ચવા પડી રહ્યા છે. તે કેટલા અંશે યોગ્ય? તેમજ આરસીસી પણ ઠેર ઠેર તૂટેલી હાલતમાં હોવા છતાં રીપેરીંગ કામ તંત્ર દ્વારા કરવામાં આવેલું નથી અને પતરાનો શેડ પણ તૂટેલો નજરે ચડી રહ્યો છે.

ફતેપુરા થી સંતરામપુર માટે સાંજે ૬:૩૦ વાગ્યા પછી એક પણ બસ નથી. જે પણ સાંજે ૬:૩૦ પછી બસ ચાલુ કરવા માંગ કરાઈ રહી છે. તેમજ ઝાલોદ થી ભાવનગર બસનો રૂટ બદલી વાયા ફતેપુરા કરવાની માંગ ઉઠવા પામી છે. તેમજ અગાઉ જાલઈ થી વિજાપુર જતી બસ લોક ડાઉન પછી ચાલુ કરવામાં આવી જ નથી. તો તે પણ ચાલુ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. ફતેપુરા તાલુકાના અંતરિયાળ ગામો માંથી ફતેપુરા તાલુકા મથકે આવન જાવન માટે ભારે હાલાકી વેઠવી પડી રહી છે. ફતેપુરા તાલુકાના મુસાફરોની માંગ છે કે, ગ્રામ્યકક્ષા એ પણ બસ સેવા ચાલુ કરવામાં આવે જેથી ગ્રામ્યકક્ષાએ થી ફતેપુરા કોલેજ, સ્કૂલના વિદ્યાર્થીઓને અપ ડાઉન કરવા માટે સરળ રહે.

# દાહોદમાં ટીબી નાબુદી અભિયાન અંતર્ગત થઈ રહેલી કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ



દાહોદ,

દાહોદ જિલ્લામાંથી ટીબી નાબુદી અભિયાન અંતર્ગત ડિસ્ટ્રીક્ટ ટીબી ફોરમની મીટીંગ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં ભારત સરકારનાં ટીબી ૦નાબુદી અભિયાન અંતર્ગત જિલ્લામાં કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ જિલ્લામાંથી ટીબી નાબુદી માટે લોકજાગૃતિ પર ભાર મુક્યો હતો અને લોકો આ રોગની સમયસર સારવાર લે તેમ જણાવ્યું હતું. જિલ્લામાં ટીબીનું પ્રમાણ અને સારવાર અંગે વિસ્તૃત માહિતી જિલ્લા ક્ષય અધિકારી દ્વારા આપવામાં આવી હતી. જિલ્લાના દરેક તાલુકામાં એમટીડીવી વાન અને એક્ટીવ કેસ ફાઈન્ડીંગ કરવા માટે ટીમ બનાવીને સઘન કામગીરી કરવામાં આવી રહી છે. આ ક્ષેત્રે ખાનગી તબીબો દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની પણ સમીક્ષા કરાઈ હતી. આરોગ્ય વિભાગ દ્વારા ટીબીની સારવાર બાબતે સતત અને સઘન પ્રયત્ન કરવામાં આવે છે. દરેક ગામના સરકારી દવાખાનામાં ટીબીના નિદાન તેમજ સારવાર નિશુઃલ્ક કરવામાં આવે છે. આ ઉપરાંત ટીબીની સારવાર શરૂ થાય અને પૂર્ણ થાય ત્યાં સુધી દર માસે દર્દીના ખાતામાં સીધા રૂ. ૫૦૦ નિક્ષય પોષણ સહાય યોજના હેઠળ સીધા બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે. કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ બેઠકમાં ઉપસ્થિત રહેલા ટીબીમાંથી સ્વસ્થ થયેલા વ્યક્તિઓ સાથે ચર્ચા કરી હતી અને તેમને આપવામાં આવેલી સારવાર બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો. બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.આર. પટેલ, જિલ્લા ક્ષય અધિકારી ડો. પી.વી. સોની, લીડ બેન્ક મેનેજર, આઈ.એમ.એ. પ્રમુખ, પત્રકાર, એનજીઓ કાર્યકર્તા, તબીબી અધિકારી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદ જિલ્લામાં ૧૦૦ દિવસના વિશેષ અભિયાન અંતર્ગત નાગરિકો પોતાના વિસ્તારમાં જ સરળતાથી મેળવી શકશે આયુષ્યમાન - મા કાર્ડ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના નાગરિકો ૧૦૦ (સો) દિવસના વિશેષ અભિયાન અંતર્ગત "આયુષ્માન– મા" કાર્ડ તેઓના જ વિસ્તારના ગ્રામ પંચાયત(ઈ–ગ્રામ), પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, તાલુકા આરોગ્ય કચેરીઓ ખાતે વિના મુલ્યે (બ્લેક ઇન વ્હાઇટ) પ્રિન્ટના માધ્યમથી કઢાવી શકશે.

આ ઉપરાંત આગામી તા.૨૨ ઓક્ટોબરથી ચાલુ થનાર રાજ્ય સરકારનો પ્રજાલક્ષી "સેવાસેતુ" (સાતમો તબક્કો) ચાલુ થશે ત્યારે જે તે ગામમાં યોજાતા "સેવાસેતુ" કાર્યક્રમમાં પણ આ "આયુષ્માન– મા" યોજના અંતર્ગત કાર્ડ કઢાવી શકાશે.

આ કાર્ડ કઢાવવા માટે એસ.ઈ.સી.સી. ૨૦૨૧ની યાદીમાં નોંધાયેલ એચ.એચ.આઈ.ડી.નંબર અથવા મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ (ભુરા કલરનું કાર્ડ ધારકને આવકના પ્રમાણપત્રની જરૂરીયાત રહેતી નથી. મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય કાર્ડ (વર્ષ.૨૦૧૯–૨૦૨૦ના આવકના પ્રમાણપત્રથી નિકળેલ કાર્ડ) ૪ લાખથી ઓછી આવક ધરાવતા હોય તેવા કુંટુંબોએ કુટુંબના મુખ્ય વ્યકિતનો ૪ લાખથી ઓછી આવકનો દાખલો લાવવાનો રહેશે.

જેમાં તલાટી કમ મંત્રીનો તા.૦૧–૧૦–૨૦૨૧ પછીનો આવકનો દાખલો અથવા તાલુકા વિકાસ અધિકારી, મામલતદારનો તા.૦૪–૦૧–૨૦૧૯ પછીનો આવકનો દાખલો કેમ્પના સમયગાળાના ૪૮ કલાક પહેલાનો આવકનો દાખલો હોવો જરૂરી છે. રેશનકાર્ડ કુટુંબના તમામ વ્યકિતઓના નામ આધાર કાર્ડ મુજબના અંગ્રેજી અપડેટ કરેલા હોય તેવું સાથે લાવવાનું રહેશે.

## દે.બારીયા કસ્બામાં હેન્ડપંપ બંધ છે : નળનું પાણી પ્રદુષિત આવે છે : હેન્ડપંપનું રીપેરીંગ કાર્ય ક્યારે થશે ?

દે. બારીયા,

દે.બારીયાના કસ્બા વિસ્તારના દરગાહની પાસે હેન્ડપંપ છે. તે છેલ્લા બે માસ થી બંધ હાલતમાં છે અનેકવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં આ હેન્ડપંપની ચેન નીકળેલી છે. તે રીપેરીંગ માટે નગર પાલિકાનો કોન્ટ્રાકટ બંધાય તો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, આ વિસ્તારની પીવાની પાઈપમાં ગંદુપાણી ભળીને આવતું હોય છે. તો આ હેન્ડ પંપ પીવા માટેના શ્રોત છે. જેથી લાઈટ બંધ થાય તો હેન્ડ પંપમાં પાણી મળતું નથી જેથી તેની ચેનનું રીપેરીંગ કાર્ય કરવા માટે કોની જવાબદારી આવે છે.

પ્રાપ્ત માહિતી મુજબ કરવામાં દરગાહ પાસે હેન્ડ પંપની ચેન નિકળી ગઈ છે. તેનું સમારકાર્ય કરવા માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી છતાં કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ આપવાનો શું ? મતલબ રહેલો છે. એક નાનું સરખું કાર્ય કરવા બે માસની આમ જનતાને રાહ દેખાડવામાં આવે છે. આ વિસ્તારમાં પ્રદુષિત પાણી પાઈપોમાં આવે છે. તો આ પંપનું પાણી ઉપર આસપાસના રહિશો નિર્ભર છે. પ્રદુષિત પાણીની અનેકવાર રજુઆત કરી છે. તેમ છતાં પાઈપો કેમ બદલવામાં આવતી નથી. તે યક્ષ પ્રશ્ન છે.

## દાહોદના કાળી તળાઈ ગામે ખાદ્ય તેલ ટેન્કર પલટતા સ્થાનિકો વાસણો લઈ તેલની લુંટ ચલાવી



દાહોદ,

દાહોદ તાલુકાના કાળી તળાઈ નજીક ખાદ્ય તેલ ભરેલ ટેન્કર અચાનક પલ્ટી ખાઈ જતાં ટેન્કર નજીકમાં આવેલ પુલની નીચે ખાબકી પડ્યું હતું. ખાદ્ય તેલ ભરેલ ટેન્કર પલ્ટી ખાતાની સાથે આ બનાવની જાણ આ વિસ્તારના સ્થાનીક રહીશોને થતાં આસપાસના લોકો હાથમાં વાસણો, પ્લાસ્ટીકના કારબા લઈ ખાદ્ય તેલ ભરવા દોડી ગયાં હતાં. ખાદ્ય તેલની લુંટ ચલાવવા આસપાસના લોકોમાં દોડાદોડીના દ્રશ્યો પણ સર્જાયાં હતાં. સદ્દનસીબે કોઈ પ્રકારની જાનહાની થવા પામી ન હતી.

ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે ધીમે ધીમે અકસ્માત ઝોન બની રહ્યો છે ત્યારે આજરોજ વહેલી સવારે દાહોદ તાલુકાના કાળી તળાઈ નજીક આવેલી હોટલ સતી તોરલ પાસે આવેલા પુલ પર ગાંધીધામ થી નાગપુર તરફ જઈ રહેલો તેલ ભરેલો ટેન્કરનું બ્રેક ફેઈલ થતાં ખાદ્ય તેલ ભરેલા ટેન્કર પલ્ટી મારી પુલની નીચે ખાબકી ગયું હતું. ટેન્કરમાં ભરેલો ખાદ્ય તેલ જમીન પર ઢોળાઈ જતા આસપાસના ગામના લોકો વાસણો લઈ જમીન પર ઢોળાયેલા તેલ લેવા ઉમટી પડ્યા હતાં. આ બનાવમાં સદભાગ્યે કોઈ જાનહાનિ પહોંચી નહોતી. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો તાબડતોડ સ્થળ પર પહોંચી જઈ સ્થિતીને કાબુમાં લીધી હતી અને જેઓ ખાદ્ય તેલની લુંટ ચલાવવા દોડાદોડી કરી રહ્યાં હતાં તેવા આસપાસના લોકો પોલીસને જોઈ જે હાથમાં આવ્યું તે લઈને ભાગતાં પણ જોવા મળ્યાં હતાં. સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લા માન્ય અનુદાનિત પ્રા.શાળા સંઘના પડતર પ્રશ્નો અંગે આવેદન અપાયું

દાહોદ,

દાહોદ જિલ્લા માન્ય અનુદાનિત પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પોતાના વિવિધ પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતાં દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીને લેખિત રજુઆત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, દાહોદ જિલ્લા અનુદાનિત પ્રાથમીક શાળાના શિક્ષકોના એરિયર્સ બીલો જેવા કે, મોંઘવારી તફાવત, રજા રોકડ, વિદ્યા સહાયક, એરિયર્સ બીલો, ઉચ્ચતર પગાર ધોરણના બીલો, પ્રાથમીક કચેરીના છેલ્લા એક કરતાં વધુ વર્ષથી પડતર છે. ગ્રાન્ટ હોવાના છતાં પણ આ બધા બીલોની રકમ મંજુર ન થતાં હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યાં છે. વધુમાં જણાવ્યાં અનુસાર, દિવાળી તહેવારનો સમય હોવાથી બધાજ શિક્ષકોને સમયસર નાણાં મળી રહે તે રીતે દાહોદ જિલ્લા માન્ય અનુદાનિત પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વિનંતી કરવામાં આવી હતી અને ઉચ્ચતર પગાર ધોરણની ફાઈલો પણ પડતર છે તો આ બધા પ્રશ્નોનો સમયસર નિકાલ લાવવા રજુઆત કરવામાં આવી હતી.

## દાહોદ ખાતે માસીક ચક્ર પ્રવર્તતી માન્યતા વાસ્તવિકતા વિષય પર સેમિનાર યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૨૦.૧૦.૨૦૨૧ ને ગુરૂવાર ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ માં વિદ્યાર્થી સંઘ, સી.ડબલ્યુ.ડી.સી. અને શારીરિક શિક્ષણ અને રમત–ગમત વિભાગ ના સયુંકત ઉપક્રમે "માસિકચક્ર અંગે પ્રવર્તતી માન્યતા અને વાસ્તવિકતા" વિષય પર સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમિનાર ના મુખ્ય મહેમાન તરીકે દા.અ.મ.સા.એ.સો.ના માનદ મંત્રી અંજલિ પરીખ, મુખ્ય વક્તા આર.કે.એસ.કે., દાહોદ ના કાઉન્સિલર કિન્નરી સંગડા, અતિથી વિશેષમાં દાહોદના ઈન્ચાર્જ આર.સી.એચ.ઓ. ર્ડા. રાકેશ વહોનીયા, દાહોદ ડી.સી.એસ.ઓ. ર્ડા. કેવલ પંડ્યા, વોસ કન્સલ્ટન્ટ હેમરાજ સોલંકી કોલેજના કાર્યકારી આચાર્ય ર્ડા. જી.જે.ખરાદી ઉપસ્થીત હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ હતું. આ સેમિનાર ને સફળ બનાવવા પાછળ વિદ્યાર્થી સંઘ ના ઉપપ્રમુખ ડો. એચ.આર. ડાભી, સી.ડબ્લ્યુ.ડી.સી. ના કન્વીનર ડો. આર.આર.પટેલ અને શારિરીક શિક્ષણ અને રમત–ગમતના નિયામક ર્ડા.વી.જે.ચૌહાણ અથાગ પ્રયાસ કરીને કાર્યક્રમ ને સફળતા અપાવી હતી. સૌ ૧૪૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈને સેમિનારમાં રંગ રાખ્યો હતો.

## દાહોદ સહકાર નગર ખાતે જમીન પડાવી લેવાના કાવતરૂ કરતા એક મહિલા સહિત ૨૮ ઈસમો સામે ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરના સહકાર નગર ખાતે એક સર્વે નંબરવાળી જમીનમાં એક મહિલા સહિત ૨૮ જેટલા ઈસમોએ એકબીજાના મેળાપીપણમાં જમીન પોતાના નામે કરાવી લેવા માટે અને પરવાનગી મેળવવાના કામે ખોટું સોગંધનામું અને ખોટી સહીઓ કરી કાવતરૂં રચતાં આ અંગેની જાણ દાહોદ મામલતદારને થતાં તેઓ દ્વારા મહિલા સહિત ૨૮ ઈસમો વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ શહેરના સહકાર નગર ખાતે આવેલ રે.સ.નં.૭૬૯/૪ પૈકી ૧ ક્ષેત્રફળ ૧૭૬૨ ચોરસ મીટરવાળી જમીનમાં જ.મ.કા.ક. ૬૫ અન્વયે પરવાનગી મેળવવાના કામે આરોપી નામે માળી લીલાબેન રાજુભાઈ તેમજ તેમની સાથે અન્ય ૨૮ જેટલા ઈસમોએ એકબીજાના મેળાપીપણમાં આગોતરૂં કાવતરૂં રચી તારીખ ૧૨.૧૨.૨૦૧૮ના વર્ષ દરમ્યાન આ જમીન બાબતનું ખોટુ સોગંધનામું કરી, ખોટી સહીઓ કરી, હકીકતો રાજ્યસેવક સામે રજુ કર્યા હતાં. આરોપીઓ પોતે જમીનના માલિક ન હોવાનું જાણતાં હોવા છતાંય પણ રાજ્ય સેવકના કર્મચારીને તે રીતે હકીત સાચી માની લે તે માટે ખોટા પુરાવા સ્વરૂપે સોગંધનામું તૈયાર કરી તેમાં પોતે જમીનના માલિક છે અને જમીન તેઓના કબજામાં છે તેવું ખોટું જણાવી ગેરમાર્ગે દોરી ખોટો હુકમ કરાવવા કાર્યરત થયાં હતાં.

ઉપરોક્ત સમગ્ર મામલાની જાણ દાહોદ મામલતદારને થતાં તેઓ દ્વારા તાત્કાલિક એક્શન સ્વરૂપે પગલાં લીધાં હતાં અને ઉપરોક્ત મહિલા સહિત ૨૮ ઈસમો વિરૂધ્ધ આ મામલે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના દેસાઈવાડા ખાતે એપાર્ટમેન્ટમાં શોર્ટ સર્કિટના કારણે આગ વીજ મીટરો બળીને ખાખ થયા

દાહોદ,

દાહોદ શહેરના દેસાઈવાડ ખાતે એક એપાર્ટમેન્ટમાં આવેલ વીજ મીટરોમાં એકા એક શોર્ટ સર્કીટના કારણે લાગેલ આગમાં વીજ મીટરો સાથે બોર્ડ બળીને ખાખ થઈ ગયાં હતાં. આ અંગેની જાણ ફાયર ફાઈટર સ્ટેશનને કરાતાં ફાયરના લાશ્કરો પાણીના બંબા સાથે સ્થળ પર દોડી ગયાં હતાં અને પાણીનો ભારે મારો ચલાવી આગને કાબુમાં લીધી હોવાનું જાણવા મળે છે. જાણવા મળ્યાં અનુસાર, દાહોદ શહેરના દેસાઈવાડ ખાતે ગોબરની ગલીમાં આવેલ એક એપાર્ટમેન્ટમાં આજરોજ શોર્ટસર્કિટના કારણે એપાર્ટમેન્ટના મુખ્ય વીજ બોર્ડમાં આવેલ મીટરોમાં એકાએક આગ ભભુકી ઉઠી હતી. આગને પગલે એપાર્ટમેન્ટના રહીશોમાં સ્તબ્ધતાં વ્યાપી જવા પામી હતી અને જાણવા મળ્યાં અનુસાર, આ આગને પગલે એપાર્ટમેન્ટના ઘણા મકાનોમાં વાઈરીંગ પણ બળી ગયાં હતાં. ઘણા મકાનોના ઉપકરણોને પણ નુકસાન થવા પામ્યું હતું. આગ અંગેની જાણ સ્થાનીક ફાયર ફાઈટર લાશ્કરોને કરવામાં આવી હતી. જ્યાં પ્રથમ તો આ વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરાવ્યાં બાદ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સદ્દનસીબેન આ લાગેલ આગમાં કોઈ જાનહાની થવા પામી ન હતી પરંતુ એપાર્ટમેન્ટમાં લાગેલ આગને અને વીજ પુરવઠો કલાકો સુધી બંધ રહેતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.


ઝાલોદ તાલુકાની અનેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ભારતમા કોરોના વેકિસન ૧૦૦ કરોડ ડોઝને રંગોળી કરીને ઉત્સવ જેવી રીતે મનાવવામા આવ્યો.

## જયદીપસિંહજી રમતગમત સંકુલ ખાતે ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા યોજાશે

દાહોદ,

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, હસ્તક આવેલી સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં સ્વામી વિવેકાનંદ નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર યોજના વર્ષ ૨૦૨૧–૨૨ અંતર્ગત એથ્લેટીક્સ અંડર ૧૭ માટેની એકેડમી શરૂ કરવામાં આવનાર હોઈ જે અંતર્ગત નવા ખેલાડીઓની પસંદગી અને પ્રવેશ પ્રક્રિયાનું આયોજન જયદીપસિંહજી રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર, દેવગઢ બારીયા ખાતે આગામી તા. ૩૧/૧૦/૨૦૨૧ ના રોજ સવારે ૯ વાગે યોજાશે. જેમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર, ૮૦૦ મીટર, ૧૫૦૦ મીટર, ૫૦૦૦ અને ૧૦૦૦૦ મીટરના ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે. અંડર ૧૭ ખેલાડીઓ માટેની આ પ્રવેશ પ્રક્રિયામાં ખેલાડીઓએ આધારકાર્ડની નકલ સાથે ઉપસ્થિત થવાનું રહેશે. વધુ માહિતી માટે અહીંના સિનિયર કોચ રાઠોરનો (૯૯૭૮૪૦૮૮૨૮) સંપર્ક કરવાનો રહેશે. આ પ્રવેશ પ્રક્રિયામાં તા. ૧/૧/૨૦૦૫ પછી જન્મેલા ખેલાડીઓ જ ભાગ લઇ શકશે.

# દે.બારીઆ તાલુકાની આંગણવાડીમાં ચાલતા લાલિયાવાડી વહીવટને લઈ રોષ

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના ૮૨ જેટલા ગામડામાં ૧૫૦ જેટલી આંગણવાડી કેન્દ્રો આવેલા છે. સરકાર તરફથી દરેક આંગણવાડી કેન્દ્રમાં રસોઈના સાધનો સહિત રાંધણ ગેસના બોટલ, સગડી પણ આપવામાં આવેલ છે. આંતરિયાળ વિસ્તારના કેટલાંક કેન્દ્રના બાળકો માટે નાસ્તામાં આપવામાં આવતા ચણા તો ઘણી જગ્યાએ ક્યાં ચવાઈ જાય છે તે કોઈ જાણતુ પણ નથી. દે.બારીઆ તાલુકામાં સંકલિત બાળ વિકાસ યોજનામાં ત્રણ ઘટકમાં આંગણવાડી કેન્દ્રોની વહેંચણી કરવામાં આવેલ છે. જેમાં ઘટક–૩ વિસ્તારમાં જવાબદાર સુપરવાઈઝરની મહેરબાનીથી ઘણા કેન્દ્રમાં હાજરી માત્ર ચોપડા ઉપર જ હોય છે બાકી બાળકોને અને વાલીઓને પણ ખબર હોતી નથી કે આંગણવાડી કેન્દ્રમાં મારૂ બાળક ક્યારે ગયુ હતુ. જવાબદાર ઉચ્ચ અધિકારીઓ દ્વારા રજીસ્ટરમાં નોંધાયેલ હાજરીની ચોક્કસ ખાતરી કરવામાં આવે તો સાચી હકીકત ધ્યાનમાં આવશે કે ખરેખર બાળક કેન્દ્રમાં ગયુ હતુ કે નહિ. આમ દે.બારીઆમ તાલુકાની આંગણવાડી કેન્દ્રમાં ચાલતો લોલમલોલ વહીવટની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરી જવાબદાર સામે ખાતાકિય પગલા લેવાય તેવી વાલીગણની માંગ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.52

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## શહેરામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર રેતી ખનન મામલે

# ખાણ ખનીજ વિભાગે રાજેશ ઉર્ફે લાલા ભરવાડને રૂપિયા ૫૮ લાખ કરતા વધુનો દંડ ફટકાર્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના આંબાજટી ગામના પટેલ ફળિયાની નજીકમાં આવેલ ગૌચર જમીન માંથી ૧૭,૨૭૩ મેટ્રિક ટન રેતીનું ગેરકાયદેસર ખનન મામલે રાજેશ ઉર્ફે લાલા ભરવાડને ખાણ ખનીજ વિભાગે રૂપિયા ૫૮ લાખ કરતા વધુનો દંડ ફટકારીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હોવાનું જાણવા મળેલ છે. જ્યારે કુણ નદીમાં થયેલ રેતી ખનન ને લઈને પણ ખાણ ખનીજ વિભાગ તપાસ કરશે.

શહેરા તાલુકાના ડેમલીથી બાહી માર્ગ ઊપર જવાના રસ્તા પર આવેલ આંબાજટી ગામના પટેલ ફળિયાની નજીકમાં આવેલ ગૌચર જમીનમાંથી પાછલા કેટલાક સમયથી સ્થાનિક ગામના રાજેશ જેઠાભાઈ ભરવાડ દ્વારા જે.સી.બી મશીનના મદદથી મોટા પાયે ગેરકાયદેસર રેતી કાઢવામાં આવી રહી હતી. અહી ગૌચર જમીનમાં કોઈ લીજ આવેલી નહી હોવા છતાં રેતી કાઢીને નાના મોટા વાહનોમાં ભરીને રોયલ્ટી પાસ વગર ખનીજ વહન થતું હોવા છતાં આ સામે સ્થાનિક તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવી ન હતી. ગેરકાયદેસર રેતી ભરીને નીકળતાં ભારે વાહનોના કારણે ગામના પાકા રસ્તાઓ ને પણ નુકશાન જતુ હોવાથી અને ગેરકાયદે ખનીજ ખનન અટકાવવા માટે જાગૃત નાગરીક દ્વારા ખાણ ખનીજ વિભાગ ને જાણ કરવામાં આવી હતી. જેને લઈને ખનીજ વિભાગની ટીમે ગેરકાયદેસર રેતી ખનન પર ઓચિંતી તપાસ હાથ ધરતા મોટા પાયે ગેરકાયદેસર રેતી ખનન કરવામા આવેલ હોવાથી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. હાલ તો ૧૭,૨૭૩ મેટ્રિક ટન ગેરકાયદે ખનીજ ખનન ને લઈને રાજેશ જેઠાભાઈ ભરવાડને રૂપિયા ૫૮ લાખથી વધુનો દંડ કરેલ હોવાનું ખાણ ખનીજ વિભાગ પાસેથી જાણવા મળેલ હતું. જે રીતે ગૌચર જમીનની આજુબાજુ મા પણ તેમજ કુણ નદીમાં મોટા પાયે ખાણ ખનીજ વિભાગની મંજૂરી વગર રેતી કાઢવામાં આવી રહી હોય ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ મામલે તપાસ કરીને વધુ દંડ કરવામાં આવે તે સ્થળ પરની પરિસ્થિતિ ને જોતા જરૂરી લાગી રહયુ છે. જ્યારે હાલ પણ અહીથી પસાર થતી કુણ નદીમાં તેમજ અન્ય વિસ્તારમાં રેતી કાઢવામાં આવી રહી હોય ત્યારે ખનીજ ચોરી અટકાવવા માટે સંબંધિત તંત્ર દ્વારા અલગ અલગ ટીમો બનાવીને આ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તે પણ જરૂરી છે.

ગૌચર જમીનમાં મોટા પાયે ખનિજ ખનન થયું હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ સામે જે દંડ ફટકારવામાં આવ્યો છે. તેની જગ્યાએ વધુ તપાસ હાથધરીને એક કરોડથી વધુનો દંડ ખાણ અને ખનીજ વિભાગ દ્વારા કરવામાં આવે જેથી ખનીજ ચોરો માટે દાખલારૂપ કાર્યવાહી બની શકે તો નવાઈ નહી.

શહેરાગોધરા જેવા ભરચક વિસ્તારમા હાલમાં પણ રોયલ્ટી પાસ વગર રેતી ભરેલ વાહન પસાર થતા હોય છે. માર્ગ ઉપર થી પસાર થઈ રહેલ ખનીજ ભરેલ વાહનો ને તાડપત્રી બાંધવામા ન આવવા સહિત ઓવરલોડ ખનીજ ડાલા સુધી ભરેલ હોવાથી પાછળ ચાલતા વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહેતો હોય છે. આ બાબતે તંત્ર દ્વારા ગંભીરતા લેવામાં જે આવવી જોઈએ તે નહી લેવામાં આવતી હોવાથી ખનીજ ભરેલા ઓવરલોડ વાહનો મોટા પાયે હાઈવે માર્ગ ઉપરથી પસાર થતા હોય છે.

તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ જમીન અને નદીમાંથી ગેરકાયદેસર રીતે ખનીજ કાઢીને વાહનોમાં રોયલ્ટી પાસ વગર ખનિજ વહન થતુ હોવાના કારણે સરકારી તિજોરીને મસમોટું નુકશાન જવા છતાં જવાબદાર તંત્રના સરકારી બાબુઓને આ સામે કાર્યવાહી કરવા જિલ્લા કલેક્ટર આદેશ કરશે પછી પોતાની નૈતિક ફરજ સમજી કાર્યવાહી કરશે કે શું? ખનીજ ચોરી અટકાવવા માટે અસરકારક કાર્યવાહી ક્યારે કરવામાં આવશે તેવા અનેક સવાલો જાગૃત નાગરિકોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

ગેરકાયદે ખનન કરનાર રાજેશ ઉર્ફે લાલા ભરવાડ રોયલ્ટી પાસ વગર ગેરકાયદેસર અહીંથી હાઈવા, ટ્રેક્ટર સહિતના વાહનોમા રેતી ભરી આપતો હતો. અમુક ખનીજ ભરેલ વાહનોમાં નંબર પ્લેટ નહીં હોવા સાથે ઓવરલોડ ખનીજ ભરેલ હોય તેમ છતાં શહેરા અને ગોધરા ખાતે આવેલ સબંધિત કચેરી અને પોલીસ સામેથી પસાર થતા હોય છે.

રાજેશ ઉર્ફે લાલા ભરવાડએ તંત્રની મંજૂરી વગર રેતી ખનન કરતો હોવાથી સરકારી તિજોરીને મસમોટું નુકશાન જતુ હોય ત્યારે જિલ્લા કલેક્ટર તેમજ ખાણ ખનીજ વિભાગ સાથે જિલ્લા પોલીસ વડા દ્વારા પણ આ ઉપરોક્ત બાબતને વધુ ગંભીરતાથી લેવામાં આવે તે જરૂરી છે.

ગેરકાયદે રેતી ખનન કરનાર રાજેશ ઉર્ફે લાલા ભરવાડએ એક ગેંગ બનાવીને વર્ષ ૨૦૧૫મા પણ તપાસ અર્થે આવેલી ખાણ ખનીજ વિભાગની ટીમ પર જીવલેણ હુમલો કરતા તેની સામે તે સમયે શહેરા પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે સંબંધિત તંત્ર દ્વારા જે તે સમયે સરકારી કર્મીઓ પર હુમલો કરનાર રાજેશ ઉર્ફે લાલા ભરવાડ કે જેની સામે પોલીસ મથકમાં ફરિયાદ પણ થઈ ચૂકી હોય તો આ સામે દાખલા રૂપ કાર્યવાહી થાય તે માટે જિલ્લા કલેક્ટર દ્વારા વધુ તપાસ માટે આદેશ આપે તે જરૂરી છે.

# ગોધરા ખાતે અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રોની વિરૂદ્ધમાં ધરણા કાર્યક્રમ યોજાયો



ગોધરા,

ખોટા અનુસૂચિત જનજાતિ (એસ.ટી.) પ્રમાણપત્રો વિરૂદ્ધ લડત સમિતિ પંચમહાલ દ્વારા અચોક્કસ મુદતનો ધરણા કાર્યક્રમ ગોધરા કલેકટર કચેરી કમ્પાઉન્ડ બહાર યોજવામાં આવ્યો. જેમાં સમિતિના આક્ષેપ મુજબ પંચમહાલ જિલ્લાના બોગસ સર્ટિફિકેટ વાળા મોરવાહડફ ના ધારાસભ્ય અને રાજયકક્ષાના આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારને હોદ્દા પરથી દૂર કરવાની માંગ સાથે સત્યાગ્રહ કરી રહ્યા છે. ત્યારે લડત સમિતિના આગેવાનના જણાવ્યા મુજબ આ ધરણા કાર્યક્રમ અચોક્કસ સમય સુધી ચાલુ રાખવામાં આવશે અને આગામી ૧૯ નવેમ્બર થી ગાંધીનગર ખાતેના ભાજપ કાર્યાલય કમલમની બહાર આ ધરણા કાર્યક્રમ યોજવામાં આવશે. મોરવાહડફના ધારાસભ્ય અને રાજય કક્ષાના આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથાર બોગસ એસ.ટી.પ્રમાણપત્રના આધારે મોરવાહડફ વિધાનસભા આદિવાસી બેઠક પર ચૂંટાઈ આવ્યા છે. જેઓને હોદ્દા પરથી દૂર કરવામાં આવે ની માંગ સાથે પંચમહાલ જિલ્લા સહિત દરેક આદિવાસી જિલ્લામાં તેઓનો વિરોધ વ્યાપી રહ્યો છે. ત્યારે આજ રોજ પંચમહાલ જિલ્લાના ગોધરા કલેકટર કચેરી કમ્પાઉન્ડ બહાર આદિવાસી સમુદાયના આગેવાનો દ્વારા અચોક્કસ મુદતનો ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં આદિવાસી સમાજના રાજુભાઈ વલવાઈ, પ્રવીણભાઈ પારગી તેમજ અન્ય આદિવાસી ભાઈઓ જોડાયા હતા. ત્યારે આગેવાનોના જણાવ્યા મુજબ મોરવાહડફના ધારાસભ્ય નિમિષાબેન સુથાર ખોટા આદિવાસી પ્રમાણપત્રના આધારે મોરવાહડફ વિધાનસભાની બેઠક પર જીત મેળવી છે. જેઓને હોદ્દા પરથી દૂર કરવામાં આવેની માંગ ગુજરાત સરકારમાં પણ કરવામાં આવી હતી. જે માંગને પણ ખાસ્સો સમય વીત્યા છતાં પણ આ મામલે સરકાર તરફથી કોઈ પગલાં ના લેવાતા હવે આદિવાસી સમાજે બાયો ચઢાવતાં પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે અચોક્કસ મુદત માટે ધરણા કાર્યક્રમ યોજી રહ્યા છે. ત્યારે આગામી ૧૯ નવેમ્બરે ગાંધીનગર ખાતે ભાજપ કાર્યાલય કમલમની બહાર ધરણા કાર્યક્રમ યોજવામાં આવશે તેમ આગેવાનો એ જણાવ્યું છે.

## ગોધરા રેલવે GRP પોલીસની મેહનત રંગ લાવી ટ્રેનની અડફેટે મોતને ભેટેલા યુવકના વાલીવારસો શોધી યુવકનો મૃતદેહ સોપાયો



ગોધરા,

ગોધરા ખરસાલિયા વચ્ચે આવેલ ૨૬નંબર ના ફાટક પાસે થી ટ્રેન ની અડફેટે અજાણ્યા યુવકનું મોત નીપજયુ હોવાની સૂચના મળતા રેલવે GRP પોલીસ સ્ટાફ ઘટના સથળે દોડી ગયો હતો અને અજાણ્યા યુવકનો મૃતદેહ કબ્જે લઇ ગોધરાની સિલિલ હોસ્પિટલના પી.એમ. રૂમ ખસેડવામાં આવ્યો હતો. ત્યાર બાદ રેલવે પોલીસ દ્વારા મોતને ભેટેલ અજાણી વ્યક્તિ ના વાલી વારસો શોધવાની ક્વાયત હાથ ધરવામાં આવી હતી. જેના ભાગરૂપે રેલવે પોલીસે સ્થાનિક ઝટ ચેનલ તેમજ સમાચાર પત્રોની મદદ લેવામાં આવી હતી. જે સમાચાર માધ્યમના આધારે મૃતકના વાલી વારસોને જાણ થતા તેઓ ગોધરા રેલવે પોલીસ મથક દોડી આવ્યા હતા અને ટ્રેનની અડફેટે મોતને ભેટેલા યુવકના વાલી વારસો હોવાની પોલીસને હકીકત જણાવી હતી. મૃતક યુવક રમેશ ઉદેસિંહ સોલંકી કાલોલ તાલુકાના પિંગળી ગામના વતની હોવાની હકીકત પરિજનો દ્વારા જણાવવામાં આવી હતી સાથે મરણજનાર યુવક અસ્થિર મગજના હોવાનું વાલી વારસો એ જણાવ્યું હતું. રેલવે પોલીસે મૃતક ના વાલી વારસો પાસે થી સમગ્ર હકીકત મેળવી ત્યારબાદ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી પરિજનોને મૃતદેહ સોપાવામાં આવ્યો હતો. નોંધનીય બાબત છે કે, રેલવે GRP પોલીસે અજાણી મૃતક વ્યકતિના વાલી વારસોને શોધવા માટે રસ દાખવી નિષ્ઠા પૂર્વક પોતાની ફરજની સાથે માનવતાનું એક ઉમદા ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

### ૧૦૦ કરોડ રસીકરણની સિદ્ધિની અનોખી ઉજવણી

## જિલ્લાનાં કોરોના વોરિયર્સને અપાયું પોલિસ બેન્ડ દ્વારા સૂરીલું સન્માન

ગોધરા,

કોરોના સામેની લડતમાં નાગરિકોને સુરક્ષિત કરવા માટે થઈ રહેલા રસીકરણના અભિયાનમાં સિમાચિન્હરૂપ સિદ્ધિ આજે દેશે મેળવી હતી. રસીકરણની શરૂઆતથી અત્યારસુધી કુલ ૧૦૦ કરોડ ડોઝ દેશના નાગરિકોને અપાઈ ગયા છે. જેની ઉજવણીના ભાગરૂપે કોરોના સામેની લડતમાં અવિસ્મરણીય કામગીરી બજાવનારા આરોગ્ય કર્મીઓ અને કોરોના વોરિયર્સને સરદાર નગર ખંડ, ગોધરા ખાતે પોલિસ બેન્ડ દ્વારા મધુર સૂરાવલીઓ રેલાવી અનોખી રીતે સન્માનવામાં આવ્યા હતા. ગોધરા સિવિલ હોસ્પિટલ, નર્સિંગ કોલેજ સહિત કોરોના વિષયક ફરજ બજાવનાર અધિકારીઓ–કર્મચારીઓને જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડ તેમજ જિલ્લા પોલિસ વડા ડો. લીના પાટિલે ઉપસ્થિત રહી તેમના પ્રદાનને બિરદાવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ કોરોના વોરિયર્સે છેલ્લા દોઢ વર્ષ કરતા વધુ સમયથી કોરોના અને રસીકરણ સંબંધિત કામગીરી કોઈ પણ બ્રેક લીધા વગર, થાક્યા વગર કરતા રહીને સામાન્ય જનતાને સુરક્ષિત કરવાના અભિયાનમાં જે અમૂલ્ય યોગદાન આપ્યું છે, તેને વધાવવાનો આ એક પ્રયાસ હતો. પોલિસ બેન્ડ દ્વારા કિસી કી મુસ્કરાહટો પે હો નિસાર સહિતના વિવિધ ગીતોથી સમગ્ર વાતાવરણ એક અનેરા ઉત્સાહથી ભરાઈ ગયું હતું. કોરોના વોરિયર્સ પણ ૧૦૦ કરોડ રસીકરણની સિદ્ધિથી ઉત્સાહિત થઈને ગરબે ઝૂમી ઉઠયા હતા. આ પ્રસંગે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. મિનાક્ષીબેન ચૌહાણ, સીડીએમઓ ડો. મયૂરીબેન શાહ, ડો. એમ. પીસાગર, ડિવાયએસપી સી. ખટાણા, એડીએચઓ ડો. જે.પી. પરમાર, આરસીએચઓ ડો. પી.કે. વાસ્તવ, ડો. બી.કે. પટેલ સહિત આરોગ્ય વિભાગ–સિવિલના વરિષ્ઠ અધિકારીઓ–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એન. એ. રાઠોડ

મુ. અગરવાડા, તા. મોરવા(હ)



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.


- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જી. જે. રજાત

મુ. મૈત્રાલ, તા. મોરવા(હ)


### આપકે દ્વાર આયુષ્યમાન અંતર્ગત આરોગ્ય રાજયમંત્રી નિમિષાબેન સુથારના અધ્યક્ષસ્થાને

# ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે PMJAY-MA કાર્ડ વિતરણ અને મેગા હેલ્થ કેમ્પ યોજાયો




તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

પૈસાના અભાવે રાજ્યનો કોઈ પણ નાગરિક જરૂરી શ્રેષ્ઠ સારવારથી વંચિત ન રહે, નાણાકીય ખેંચના લીધે કોઈ પરિવાર બીમારીના લીધે પોતાનો આધારસ્તંભ ન ગુમાવે તેવા ઉદ્દાત હેતુ સાથે રાજયભરમાં "આયુષ્માન આપ કે દ્વાર" અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત રાજ્યના ૦૨ કરોડથી વધુ લાભાર્થીઓને ૦૨ હજાર કરતા વધુ પ્રકારની, ૫ લાખ સુધીની સારવારની સુવિધા આપતા PMJAY-MA કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે તેમ આરોગ્ય રાજયમંત્રી નિમિષાબેન સુથારે ગોધરા, સિવિલ હોસ્પિટલ ખાતે PMJAY-MA કાર્ડ અને મેગા હેલ્થ કેમ્પનાં ઉદઘાટન કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું. ૧૦૦ દિવસની ઉજવણી અંતર્ગત ૨૩મી સપ્ટેમ્બરથી શરૂ થયેલ આ અભિયાન હેઠળ દરેક જિલ્લા–તાલુકા મથકોએ મેગા કેમ્પ કરીને રાજયના ૮૦ લાખથી વધુ પરિવારોને આ યોજના હેઠળ આવરી લેવાની દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. આટલેથી જ સરકારે સંતોષ ન માનતા નાગરિકોને આ કાર્ડના માધ્યમથી હોસ્પિટલમાં દાખલ થવાથી શરૂ કરીને સારવાર મેળવવાનાં દરેક તબક્કે તાત્કાલિક સેવા મળે તે માટે ગ્રીન કોરિડોર વ્યવસ્થા પણ રાજયભરમાં ઉભી કરવામાં આવી રહી છે.

કેન્સર હોસ્પિટલ ખાતે ૭૫ કરોડના ખર્ચે નવા વસાવવામાં આવેલ રેડિયોથેરાપી મશીન, ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે નવી સુવિધાઓનું–અપડેશનનું તેમજ રીનોવેશનના આયોજન વિશે વાત કરતા મંત્રીએ ઉમેર્યું હતું કે ગુજરાત સરકાર આંતરરાષ્ટ્રીય ધારાધોરણ અનુસારની આરોગ્ય સુવિધાઓ આપવા, તેમાં સતત સુધારા કરવા કટિબદ્ધ છે. આ સેવાઓની ડિલિવરી વધુ અસરકારક અને લાભાર્થીઓને અનુકૂળ બનાવવા સરકારે પરિવારના બદલે વ્યક્તિદીઠ મા કાર્ડ આપવા, તબીબી સહિતના કારણોસર થમ્બ ઈમ્પ્રેશન અને આઈરિસ સ્કેનિંગ શક્ય ન હોય તેવા કિસ્સાઓમાં ઓટીપીના આધારે મા કાર્ડ ઈશ્યુ કરવા સહિતના જનહિતકારી પગલા સરકારે લીધા છે. ગોધરા ખાતે ૩૨૫ કરોડના ખર્ચે ૩૦૦ બેડની સુવિધા ધરાવતી નવી મેડિકલ કોલેજ પણ વહેલીતકે, શક્યત આ જ વર્ષે શરૂ કરવા માટે હરસંભવ પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવાનું જણાવતા આ કોલેજનાં ડોક્ટર–નર્સીસ માટે હોસ્ટેલ, લેબોરેટરી, લાઈબ્રેરી સહિતની સુવિધાઓ વહેલીતકે ઉપલબ્ધ કરાવી એમબીબીએસની પ્રથમ બેચ ટૂંકાગાળામાં શરૂ થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

૧૦૦ કરોડથી વધુ ડોઝ આપીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કોરોના સામેની લડાઈમાં દેશ સતત આગેકૂચ કરી રહ્યો છે. તેમ જણાવતા પંચમહાલ જિલ્લામાં પણ ૯૮ ટકા રસીકરણની સિધ્ધિ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો અને જેમને રસીના બંને પૈકી એક પણ ડોઝ લેવાના બાકી છે. તેમને સમયસર રસી લઈ લેવા તેમજ ન્યુમોનિયા સામે રક્ષણ આપતી રસી બાળકોને વિનામૂલ્યે મુકવાની શરૂઆત થઈ છે. ત્યારે આ રસી પણ માર્ગદર્શિકા અનુસાર મુકાવવા મંત્રીમહોદયાએ અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને PMJAY-MA કાર્ડ, સિલાઈ મશીન, વોકર, વ્હિલ ચેર, દિવ્યાંગતાના પ્રમાણપત્રો, પોષણ સહાય યોજના અંતર્ગત રૂ. ૩૦૦૦/–ના ચેક સહિતના લાભોનું વિતરણ તેમજ ઉત્કૃષ્ઠ કામગીરી દર્શાવનાર આરોગ્ય અધિકારીઓ કર્મચારીઓને સન્માનપત્રનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ટીબી નિર્મૂલન અભિયાન અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રી (કેબિનેટ) ઋષિકેશભાઈ પટેલ તેમજ રાજ્ય કક્ષાના આરોગ્યમંત્રી નિમિષાબેન સુથારના વીડિયો સંદેશાઓ પણ દર્શાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે પણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ગ્રીન કોરિડોર કેસ પેપરનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે મેગા હેલ્થકેમ્પમાં વિનામૂલ્યે હેલ્થ ચેકઅપ, PMJAY-MA કાર્ડ માટેની નોંધણી, એ માટે જરૂરી આવકનો દાખલા સહિતની સુવિધાઓ તેમજ સંજીવની રથ મારફતે મહિલાઓમાં સર્વાઈકલ અને બ્રેસ્ટ કેન્સરની તપાસ કરતા મેમોગ્રાફી અને પેપ સ્મિયર ટેસ્ટ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબેન સોલંકી, હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી અર્જુન સિંહ બી. રાઠોડે સ્વાગત પ્રવચન કરતા ઉપસ્થિત મહેમાનોને આવકાર્યા હતા તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોકટર મીનાક્ષીબેન ચૌહાણે આભારવિધિ કરી હતી. કાર્યક્રમમાં ગોધરા નગરપાલિકા પ્રમુખ સંજયભાઈ સોની, પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ સહિત જિલ્લા પંચાયત–તાલુકા પંચાયતના પદાધિકારીઓ, જીએમઈઆરએસના સીઈઓ ડો. નાયક, આરડિડી ડો. બિપિન પાઠક, જીએમઈઆરએસ ગોધરાના ડીન ડો. વણિક, આસિસ્ટન્ટ ડાયરેક્ટર પીએમજેએવાય ડો. કાપડિયા, સીડીએમઓ ડો. મયુરીબેન શાહ, જનરલ હોસ્પિટલ ગોધરાના તબીબો સહિતના આરોગ્ય અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.